પૂર્વછાયો- અતિ ઉત્તમ આખ્યાનની, કહી વણપુછી મેં વાત ।
હવે શ્રીહરિની કથા, કહું સુણો સહુ સાક્ષાત ॥૧॥

મહા મનોહર મૂરતિ, શોભે વરણિને વેશ ।
શિખાસૂત્ર સોયામણું, શિશે તે સુંદર કેશ ॥૨॥
નાસાગ્રે વૃત્તિ રહે, અને દૃષ્ટિ તે અનિમેશ ।
એવા થકા ત્યાં આવિયા, બહુનામી કૃષ્ણ દિનેશ ॥૩॥
આવી નાહિ એ વાવ્યમાં, પછી બેઠા કાંઠે નાથ ।
એવે સમે સુખાનંદ આવ્યા, નિરખી થયા સનાથ ॥૪॥

ચોપાઇ- નિરખી નાથને પામ્યા આશ્ચર્ય, અંગે ત્યાગ અતિ તપશ્ચર્ય ।
શીલ સંતોષ ને ક્ષમા અતિ, જાણું ધરી વૈરાગ્યે મૂરતિ ॥૫॥
આવા સાધુ મેં ન દીઠા ક્યાંઇ, જાગે ભાગ્ય રહે એ જો આંઇ ।
પછી પ્રીત્યે શું પુછવા લાગ્યા, કોણ ગુરુ ક્યાં તમારી જાગ્યા ॥૬॥
કહે હરિ સુણો સાધુ વાત, નહિ ગુરુ સ્વજન માત તાત ।
જેથી છુટીએ સર્વે સંતાપ, તે જ ગુરુ સ્વજન માઇ બાપ ॥૭॥
ત્યારે બોલ્યા સુખાનંદ સંત, મહારાજ એજ છે સિદ્ધાંત ।
પણ પુછવાની એક રીત્ય, માટે પુછું છું હું કરી પ્રીત્ય ॥૮॥
ત્યારે કહે નિલકંઠ કથી, આવ્યા ઉત્તર કોશળ દેશથી ।
સર્વ તીર્થ ફરતા જોતા ધામ, અમે આવ્યા છઉં આણે ગામ ॥૯॥
અમે કહ્યું અમારૂં વૃતાંત, તમે કોણના શિષ્ય છો સંત ।
પછી બોલ્યા સુખાનંદ તૈયે, અમે રામાનંદજીના છૈયે ॥૧૦॥
અમમાંહિ મોટા મુક્તાનંદ, તેની આજ્ઞામાં રહું વર્ણિઇંદ ।
આવ્યો આ વાવ્યે નાવા હું આજ, ત્યાં તો તમે મળ્યા મહારાજ ॥૧૧॥
મોટું ભાગ્ય માન્યું આજ મારું, મને દર્શન થયું તમારું ।
એમ કહીને લાગ્યા છે પાય, આવો અમારી જાયગા માંય ॥૧૨॥
ઇયાં વસે છે સંત સુજાણ, વર્તે છે પંચવ્રત પ્રમાણ ।
પ્રભુ તિયાં લગી પધારીજે, દયા કરીને દરશન દીજે ॥૧૩॥
મુક્તાનંદજી જે ઇયાં રહે છે, તે તમ જેવાને મળવા ઇચ્છે છે ।
ગુરુ આજ્ઞાએ અમે રહું છું, તમ જેવાની સેવા કરું છું ॥૧૪॥
મુક્તાનંદજી સંત છે એવા, સહુને દર્શન કરવા જેવા ।

માટે તમે પધારોને ત્યાંઈ, નહિ તો નિશ્ચે એ આવશે આંઈ ॥૧૫॥
ત્યારે વર્ણી બોલ્યા એમ વાણ, તમે સાંભળો સંત સુજાણ ।
શહેર પુર નગર ને ગામ, અમે જાતા નથી કેને ધામ ॥૧૬॥
ફર્યા વિષમ વન સઘળે, રહેતા નિત્ય નવા તરુ તળે ।
પણ એવાનાં દર્શન સારું, ચાલો માનીશ વચન તમારું ॥૧૭॥
પછી સંત સાથે વર્ણિરાય, આવ્યા આપે ધર્મશાળામાંય ।
ઉઠી સંતે કર્યો નમસ્કાર, નમ્યા હરિ સહુને તે વાર ॥૧૮॥
પછી બેઠા ઘટે તેમ સહુ, શોભી સભા તે સમામાં બહુ ।
સર્વે વર્ણિ સામું જોઈ રીયા, દેખી હરિ આશ્ચર્ય પામિયા ॥૧૯॥
તપ તેજ તને શાંતપણું, દેખી મન નેણ લોભ્યાં ઘણું ।
કહે આવા ન દીઠા સાંભળ્યા, આજ મોરે પણ નથી મળ્યા ॥૨૦॥
બાળપણામાં આવા છે શુદ્ધ, માટે મનુષ્ય નહિ છે વિબુદ્ધ ।
કાંતો ચંદ્ર કાંતો છે આ અર્ક, કાંતો અગ્નિ કે સ્વામી કાર્તિક ॥૨૧॥
કાંતો નિરન્નમુક્ત આ નિદાન, કાંતો તપ છે મૂરતિમાન ।
કાંતો બદ્રિપતિ છે આપ, જુવો એના આવ્યાનો પ્રતાપ ॥૨૨॥
આપણાં નેણ ન લોભે ક્યાંઈ, તેતો રીયાં છે એમાં લોભાઈ ।
માટે આપણાં મોટાં છે ભાગ્ય, મળ્યા મૂર્તિમાન આ વૈરાગ્ય ॥૨૩॥
આની સેવા કરો કર ભામી, તો રીઝશે રામાનંદ સ્વામી ।
પછી સંત સેવામાંહિ રીયા, મુક્તાનંદે ભોજન કરાવિયાં ॥૨૪॥
પછી જીતેંદ્રિય સાધુને જાણી, રાજી થઈ હરિ બોલ્યા વાણી ।
કહે અમે રહેશું તમ પાસ, કરશું ટેલ્ય કરે જેમ દાસ ॥૨૫॥
પછી સંતમાં રહ્યા મહારાજ, પુછ્યું પ્રશ્ન પરીક્ષાને કાજ ।
કહે નીલકંઠ સુણો સંત, તમે જાણો છો સર્વે સિદ્ધાંત ॥૨૬॥
માટે કરૂં છું પ્રશ્ન મહારાજ, ઉત્તર સુણવા ઈચ્છું છું આજ ।
જીવ ઈશ્વર માયા બ્રહ્મ જેહ, પરબ્રહ્મ રૂપ કહો તેહ ॥૨૭॥
કહેજ્યો જુજવા વિગત્ય પાડી, જેમ છે તેમ દેજ્યો દેખાડી ।
એવા સૂક્ષ્મ પ્રશ્નને સાંભળી, બોલ્યા મુક્તાનંદજી ત્યાં વળી ॥૨૮॥

કહે સુણ્યું ગુરુ મુખે અમે, કહું તે વરણિ સુણો તમે ।
સ્થૂળ સૂક્ષ્મ કારણ દેહ, તેમાં વ્યાપ્યો નખ શિખા તેહ ॥૨૯॥
ઇંદ્રિ અંતઃકરણ એ આધારે, કરે ક્રિયા નાના પ્રકારે ।
વળી જાણો અજન્મા છે એહ, નિત્ય નિરંશ અખંડ તેહ ॥૩૦॥
છે પ્રકાશક ને ન છેદાય, ન બળે ન સડે સુકાય ।
એવું જાણજ્યો જીવનું રૂપ, હવે કહું ઈશ્વરનું સ્વરૂપ ॥૩૧॥
વિરાટ સૂત્રાત્મા દેહ જાણો, અવ્યાકૃતમાં વ્યાપ્યા પ્રમાણો ।
ઉત્પત્તિ સ્થિતિ પ્રલય જેહ, કરે સર્વે જગતનો તેહ ॥૩૨॥
એહ કહ્યું ઈશ્વરનું રૂપ, હવે કહું માયાનું સ્વરૂપ ।
જક્ત માંહિ કહીએ જીવ જેહ, તેના ઉદ્‌ભવનું ક્ષેત્ર તેહ ॥૩૩॥
અનાદિ તમમય તે કહીએ, જડચિદાત્મક એ લહીએ ।
કાર્ય કારણ રૂપ એ જાણો, ભગવાનની શક્તિ પ્રમાણો ॥૩૪॥
ત્રણ ગુણાત્મક એ કહીએ, અજન્મા અજ્ઞાનરૂપ લહીએ ।
એવું માયાનું રૂપ સરે છે, હરિ આશ્રિત એને તરે છે ॥૩૫॥
હવે સુણો બ્રહ્મ નિરુપણ, સત્ય જ્ઞાન અનંત પૂરણ ।
અખંડ ને અક્ષર એનું નામ, પુરુષોત્તમને રહેવાનું ધામ ॥૩૬॥
મૂર્તિમાન અમૃત કહેવાય, શુદ્ધ નિત્ય વિકાર વિનાય ।
માયા ઈશ્વર જીવ તત્ત્વ જેહ, તેનું પ્રકાશક જાણો તેહ ॥૩૭॥
વળી સર્વાધાર એહ બ્રહ્મ, જાણો વર્ણિરાટ એહ મર્મ ।
હવે પરબ્રહ્મને કહીએ છીએ, જેનો કહેતાં તે પાર ન લઈએ ॥૩૮॥
નારાયણ વાસુદેવ કહેવાય, સ્વતંત્ર પ્રકાશક લેવાય ।
આનંદમય દિવ્યમૂરત, વિષ્ણુ કૃષ્ણને કહીએ અચ્યુત ॥૩૯॥
વળી કહીએ અવ્યય ભગવાન, અક્ષર માયા કાળ જે નિદાન ।
તેમાં શક્તિએ અન્વય થયા, વળી મૂર્તિમાન જુદા રહ્યા ॥૪૦॥
કાળ માયાના નિયંતા જેહ, સર્વ કારણના કારણ તેહ ।
એહ પરમાત્મા પરબ્રહ્મ, મુમુક્ષુ જીવોને લેવો મર્મ ॥૪૧॥
એ છે સર્વને ઉપાસ્યા જેવા, સુણો વર્ણિ પરબ્રહ્મ એવા ।

કર્યો ઉત્તર મેં સુણ્યા પ્રમાણે, યથારથ તો સદ્‌ગુરુ જાણે ॥૪૨॥
તેતો દેખે હસ્તામલક વળી, દેખાડે છે મુમુક્ષુને મળી ।
એમ કર્યા ઉત્તર મુક્તાનંદ, સુણી વર્ણિ પામ્યા છે આનંદ ॥૪૩॥
સાધુ સ્વભાવ ને સરલ ચિત્ત, જાણી હરિ બોલ્યા કરી પ્રીત ।
હે મુનિ કર્યો ઉત્તર તમે, થયો યથારથ જાણ્યો અમે ॥૪૪॥
એ પ્રશ્ન મેં પૂછ્યો છે બહુને, કહેતાં કઠણ થયા છે સહુને ।
તેની તમને લાગી નહિ વાર, માટે તમે મોટા નિરધાર ॥૪૫॥
કરી મુનિ તમારાં દર્શન, મારા મનમાં થયો મગન ।
ત્યારે મુક્તાનંદ કહે મહારાજ, મેં દિઠા છે બહુ તપીરાજ ॥૪૬॥
પણ તમ જેવા એક તમે, શું કહીએ મુખથી ઘણું અમે ।
પ્રશ્ન કરી સમજવો ઉત્તર, એવા પણ નોય ઝાઝા નર ॥૪૭॥
એમ કહેતાં સાંભળતાં ગાથ, વાધ્યું હેત રહ્યા સંત સાથ ।
નિત્ય પ્રશ્નના ઉત્તર થાય, સુણી સાધુને હર્ષ ન માય ॥૪૮॥
સંસ્કૃત ને પ્રાકૃત પ્રશ્ન જે, કરે ઉત્તર ન થાય બીજે ।
પછી ડાહ્યા શિયાણા જે હતા, મનુષ્ય બુદ્ધિ તેમાં ન કરતા ॥૪૯॥
છે અકળ આપ ભગવન, એમ જાણી સર્વે સંતજન ।
થાય કૃષ્ણ કથા તિયાં નિત્ય, સુણે નાથ પોતે દઈ ચિત્ત ॥૫૦॥
રાખ્યા નિમ તેમાં નવ ચુકે, કરે તપ તે પણ ન મુકે ।
દેખી દષ્ટિ શ્રીહરિની સંત, માને આતો મોટા છે અત્યંત ॥૫૧॥
ત્યારે સાધુ કહે ભગવાન, સ્થિર દષ્ટિ કરો કેનું ધ્યાન ।
ત્યારે બોલીયા વરણિરાજ, સુણો મુક્તાનંદજી મહારાજ ॥૫૨॥
રાધાઆદિ જે સર્વેના સ્વામી, તે ઈષ્ટ મારા અંતરજામી ।
બ્રહ્મા વિષ્ણુ શિવના જે દેવ, તેની કરું છું હું નિત્ય સેવ ॥૫૩॥
વારાહ આદિ જે અવતાર, તે સરવેના જે ધરનાર ।
એવા કૃષ્ણ પરબ્રહ્મ જાણો, મારે તેનું ધ્યાન પરમાણો ॥૫૪॥
વળી કરું હું સેવા પૂજન, નિત્ય સ્મરણ ને કીરતન ।
તે વિના નથી જીવોને ગતિ, મારે પણ નથી બીજે મતિ ॥૫૫॥

એમ બોલીયા છે બહુનામી, છેતો પોતેજ શ્રીકૃષ્ણ સ્વામી ।
પણ બોલવાની એહ રીત, તેમ બોલે છે કરુણાનિકેત ।।૫૬।।

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિશિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે પ્રશ્નોત્તર નામે
ઓગણચાલીસમું પ્રકરણમ્ ।।૩૯।।